# દિલ્હીમાં ચુંટણી કાર્યક્રમની જાહેરાત

## ૭મી ફેબ્રુઆરીએ મતદાન : ૧૦મી ફેબ્રુઆરીએ મતગણતરી : ૧૪મીથી ચૂંટણી પ્રક્રિયા : આચારસંહિતા અમલી

નવીદિલ્હી,તા. ૧૨

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની આજે જાહેરાત કરવામાં આવી હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચૂંટણીની તારીખોને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. સાથે સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ અને અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટી વચ્ચે તીવ્ર સ્પર્ધા માટેનો તખ્તો ગોઠવાઈ ગયો છે. દિલ્હીમાં માત્ર એક તબક્કામાં વિધાનસભાની ચૂંટણી માટે મતદાન યોજાશે. ૭મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. જ્યારે મતગણતરીની પ્રક્રિયા ૧૦મી ફેબ્રુઆરીના દિવસે હાથ ધરવામાં આવશે. એટલે કે દિલ્હીમાં આગામી સરકાર કોની બનશે તે અંગેનો ફેસલો ૧૦મી ફેબ્રુઆરીના દિવસે થશે. નિર્વાચન સદન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં મુખ્ય ચૂંટણી કમિશનર વીએસ સંપત દ્વારા ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરાઈ હતી. દિલ્હીમાં વિધાનસભાની ૭૦ બેઠકો રહેલી છે. દિલ્હીમાં ચૂંટણી માટેનું જાહેરનામુ ૧૪મી જાન્યુઆરીના દિવસે જારી થશે. આની સાથે જ ચૂંટણી પ્રક્રિયાની વિધિવતરીતે શરૂઆત થશે.





દિલ્હીમાં ઉમેદવારી દાખલ કરવાની છેલ્લી તારીખ ૨૧મી જાન્યુઆરી રાખવામાં આવી છે જ્યારે ચકાસણી માટેની પ્રક્રિયા ૨૨મી જાન્યુઆરીના દિવસે થશે. ઉમેદવારી પત્ર પાછા ખેંચી લેવા માટેની તારીખ ૨૮મી જાન્યુઆરી રહેશે. દિલ્હીમાં કુલ મતદારોની સંખ્યા ૧.૩ કરોડ રહેશે જ્યારે કુલ સ્ટેશનોની સંખ્યા ૧૧૭૬૩ રહેશે. આચારસંહિતા તાત્કાલિક ધોરણે અમલી બની ગઈ છે. છેલ્લી વખતે અરવિંદ કેજરીવાલે લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીને પડકાર ફેંક્યો હતો. વારાણસીના લોકોએ અરવિંદ કેજરીવાલને કારમી હાર આપી હતી. કોંગ્રેસ પાર્ટીની કસોટી થનાર છે. લોકસભાની ચૂંટણીમાં ખુબ ખરાબરીતે હાર થયા બાદ ત્યારબાદ યોજાયેલી જુદા જુદા રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં પણ કોંગ્રેસની કારમી હાર થઈ હતી. દિલ્હીમાં ભાજપ અને એએપી વચ્ચે મુખ્ય સ્પર્ધા દેખાઈ રહી છે. ચૂંટણી પંચે તારીખો નક્કી કરતી વેળા તમામ બાબતોને ધ્યાનમાં લીધી છે. સ્કૂલની વાર્ષિક પરીક્ષા આડે તારીખ ન આવે તેની પણ કાળજી લીધી છે. માર્ચની શરૂઆતમાં સામાન્યરીતે સીબીએસઈની પરીક્ષા શરૂ થાય છે. જીતના પ્રવાહને જાળવી રાખવાના હેતુસર ભાજપે દિલ્હી માટે પણ તમામ કમરકસી લીધી છે. ગયા સપ્તાહમાં મોદીએ એક રેલી પણ કરી લીધી છે. બીજી બાજુ એએપીનો વિશ્વાસ પણ વધી રહ્યો છે. ઘેર ઘેર જઈને ઝુંબેશ એએપીની ચાલી રહી છે. ૨૦૧૩માં યોજાયેલી છેલ્લી ચૂંટણીમાં ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી હતી અને તેને ૩૧ બેઠકો મળી હતી. જો કે, એએપીને ૨૮ બેઠકો મળી હતી. મુખ્ય ચૂંટણી કમિશનર વીએસ સંપત ૧૫મી જાન્યુઆરીના દિવસે હોદ્દો છોડનાર છે. ૬૫ વર્ષની વય પુરી થઈ રહી છે જેથી જ્યારે પરિણામ જાહેર કરવામાં આવશે ત્યારે તેઓ મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે હશે નહીં. દિલ્હીમાં ફેબ્રુઆરી ૨૦૧૪ બાદથી રાષ્ટ્રપતિ શાસન છે. તે વખતે ૪૯ દિવસ સુધી સત્તામાં રહ્યા બાદ કેજરીવાલે રાજીનામુ આપ્યું હતું.

## શારદા કૌભાંડમાં ટીએમસી સાંસદ મુકુલ સામે સમન્સ

નવીદિલ્હી, તા.૧૨

સમગ્ર દેશને હચમચાવી મુકનાર કરોડો રૂપિયાના શારદા ચીટ ફંડ કૌભાંડના સંદર્ભમાં તૃણમુલ કોંગ્રેસની મુશ્કેલી દિન પ્રતિદિન વધી રહી છે. તૃણમુલ કોંગ્રેસના સાંસદ મુકુલ રોયને હવે આ કૌભાંડમાં ચાલી રહેલી તપાસના સંબંધમાં તેની સમક્ષ ઉપસ્થિત થવા સીબીઆઈ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. રાજકીય સાધન તરીકે સીબીઆઈનો ઉપયોગ કરવાનો ભાજપ ઉપર તૃણમુલ કોંગ્રેસ દ્વારા આક્ષેપે કરવામાં આવ્યો છે. મુકુલ રોયે આજે માહતી આપતા કહ્યું હતું કે તેની સમક્ષ ઉપસ્થિત થવા સીબીઆઈ દ્વારા કહેવામાં આવ્યું છે. છેલ્લા એક બે દિવસથી તેઓ દિલ્હીમાં છે. સીબીઆઈ તપાસને લઈને તેઓ ખચકાતા નથી. સીબીઆઈના લોકોને પણ તેઓ મળવા માંગે છે. તેમનું કહેવું છે કે, કોઈપણ પ્રકારની ગેરકાયદે પ્રવૃત્તિમાં તેઓ ક્યારે સામેલ રહ્યા નથી. વ્યક્તિગત અથવા તો કસ્ટોડિયન પાર્ટી તરીકે પણ સામેલ રહ્યા નથી. રાજ્યસભામાં ચીફ વ્હીપ અને રાષ્ટ્રીય પ્રવક્તા ડેરેન બ્રાયને કહ્યું છે કે, રાજકીય સાધન તરીકે સીબીઆઈનો



ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બંગાળમાં રાજકીયરીતે લડવાની સ્થિતિમાં તેમની પાર્ટી નથી.

લોકસભાની ચૂંટણીમાં ભાજપની હાર થઈ હતી જેથી હવે કોર્પોરેશન ચૂંટણી પહેલા ખોટી રમત રમવામાં આવી રહી છે. ૨૦૧૫ મ્યુનિસિપલ ચૂંટણી અને ત્યારબાદ વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને તૃણમુલ કોંગ્રેસે તેના નેટવર્કને મજબૂત કરવાની તૈયારી કરી છે. આ કૌભાંડના કારણે જટિલ સ્થિતિ સર્જાયેલી છે. સીબીઆઈ દ્વારા પશ્ચિમ બપંગાળની બહાર પણ શારદા કૌભાંડની તપાસ ચલાવવા મક્કમ છે. રાજ્યના પ્રધાન મદન મિત્રા, પક્ષના સાંસદ કૃણાલ ઘોષ, શ્રીન્જોય પહેલાથી જ સકંજામાં આવી ચુક્યા છે. અન્ય ઘણા નેતાઓની સીબીઆઈ દ્વારા પુછપરછ કરવામાં આવી ચુકી છે. કરોડો રૂપિયાના કૌભાંડમાં સીબીઆઈ ઉપરાંત અન્ય સંસ્થાઓની તપાસ પણ ચાલી રહી છે.

## આસારામ સુરત રેપ કેસમાં પ્રમુખ સાક્ષીની હત્યા કરાઈ

મુજફફરનગર,તા. ૧૨

ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગર વિસ્તારમાં નવી મંડી કોતવાલી ક્ષેત્રમાં જાનસઠ રોડ પર આસારામના પૂર્વ નોકરની ગોળી મારીને ઘાતકી હત્યા કરી દેવામાં આવતા ચકચાર મચી ગઈ છે. હત્યારાઓની ઉંડી શોધખોળ હાથ ધરવામાં આવી છે પરંતુ હજુ સુધી કોઈ નક્કર માહિત મળી શકી નથી. અખિલ ગુપ્તા નામનો આ શખ્સ આસારામના આશ્રમમાં નોકરી કરતો હતો. તે સુરત રેપ કેસમાં મુખ્ય સાક્ષી તરીકે હતો. ગયા વર્ષે જુન મહિનામાં આસારામ કેસ સાથે જોડાયેલા અન્ય એક સાક્ષીની પણ હત્યા કરી દેવામાં આવી હતી. વણઓળખાયેલા હુમલાખોરોએ આ હુમ લો કર્યો હતો. ગુજરાતમાં આસારામના પૂર્વ સહાયક અમૃત પ્રજાપતિની હત્યા કરી દેવામાં આવી હતી. સુરતની બે બેહેનોએ આસારામ અને તેમના પુત્ર નારાયણ સાંઈ પર બળાત્કારનો આક્ષેપ કર્યો હતો. માર્યા ગયેલા અખિલ આ કેસમાં મુખ્ય સાક્ષી હતો. આસારામ હાલમાં અન્ય એક સગીર યુવતિ પર રેપ કેસના સંબંધમો જેલની હવા ખાઈ રહી છે. જ્યારે આસારામની રેપ મામલે ધરપકડ કરવામાં આવી ત્યારે ગુજરાત પોલીસ અખિલને આસારામને લઈને પુછપરછ માટે પોતાની સાથે લઈ ગઈ હતી. એમ માનવામાં આવે છે કે અખિલે આસારામને લઈને કેટલાક ચોંકાવનારા ઘડાકા કર્યા હતા. અખિલ ગુપ્તાને સરકારી સાક્ષી તરીકે રાખવામાં આવ્યો હતો. જો કે અખિલને સરકારી સાક્ષી બનાવવા મામલે મુઝફ્ફરનગર પોલીસે કોઈ માહિતી આપી નથી. પોલીસ સમગ્ર મામલે તપાસ કરી રહી છે. આ હત્યા કેસને લઈને પોલીસ પણ ચોંકી ઉઠી છે. મૃતકની સ્થાનિક સ્તરે કોઈની સાથે દુશ્મનાવટ ન હતી. જેથી આસારામ સાથે આ હત્યાને જોડીને જોવામાં આવે છે. એસએસપી હરિનારાયણસિંહે કહ્યું છે કે, મૃતકની સાથે લૂંટફાટ કરવામાં આવી નથી. હત્યાના ઘણા પાસામાં તપાસ થઈ રહી છે.

## પેશાવર હત્યાકાંડ : આર્મી સ્કુલ ફરી એક વખત ખુલી

પેશાવર,તા. ૧૨

પાકિસ્તાનમાં પેશાવર આર્મી સ્કુલમાં ૧૬મી ડિસેમ્બરના દિવસે



થયેલા ભીષણ ત્રાસવાદી હુમલામાં સેંકડો સ્કુલી બાળકોના મોત થયા બાદ હવે પેશાવર આર્મી સ્કુલ ફરી શરૂ થઈ ગઈ છે. સોમવારના દિવસે સ્કુલમાં બાળકો ખુબ ઉત્સાહ સાથે પહોંચ્યા હતા. તેમની સાથે માતાપિતા પણ પહોંચ્યા હતા. આજે સ્કુલ ફરી ખુલ્યા બાદ સ્કુલ સત્તાવાળાઓ દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હતા. તાલિબાનના ત્રાસવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં ૧૫૦થી વધુના મોત થયા હતા. આ હુમલામાં અન્ય મોટી સંખ્યામાં બાળકો ઘાયલ થયા હતા. તાલિબાનના સાત ત્રાસવાદીઓએ એકાએક સ્કુલમાં પહોંચી ગયા હતા અને ભીષણ ગોળીબાર કર્યો હતો. જેમાં બાળકોના મોત થયા હતા. અત્રે ઉલ્લેખીય છે કે પાકિસ્તાનના પેશાવરમાં ૧૬મી ડિસેમ્બરના દિવસે આર્મી સ્કૂલમાં આતંકવાદીઓએ ભારે રક્તપાત સર્જીને શિક્ષકો અને વિદ્યાર્થીઓ સહિત ૧૭૦થી વધુને મોતને ઘાટ ઉતારી દેતા સનસનાટી મચી ગઈ હતી. તાલિબાની ત્રાસવાદીઓએ પાકિસ્તાનની આર્મી સ્કૂલમાં અંધાધૂંધ ગોળીબાર અને બોંબ બ્લાસ્ટ કરીને સ્કૂલી બાળકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. ૧૭૦થી વધુ સ્કૂલી બાળકોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ સેનાએ ઓપરેશન પાર પાડીને તમામ આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ આતંકવાદી હુમલામાં આશરે ૨૦૦થી વધુ વિદ્યાર્થી ઘાયલ થયા હતા. પાકિસ્તાનમાં તાજેતરના સમયમાં સૌથી મોટા હુમલા તરીકે આને ગણવામાં આવે છે. અત્રે ઉલ્લેખીય છે કે પાકિસ્તાનના પેશાવરમાં ૧૬મી ડિસેમ્બરના દિવસે આર્મી સ્કૂલમાં આતંકવાદીઓએ ભારે રક્તપાત સર્જીને શિક્ષકો અને વિદ્યાર્થીઓ સહિત ૧૭૦થી વધુને મોતને ઘાટ ઉતારી દેતા સનસનાટી મચી ગઈ હતી.

તાલિબાની ત્રાસવાદીઓએ પાકિસ્તાનની આર્મી સ્કૂલમાં અંધાધૂંધ ગોળીબાર અને બોંબ બ્લાસ્ટ કરીને સ્કૂલી બાળકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. ૧૭૦થી વધુ સ્કૂલી બાળકોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ સેનાએ ઓપરેશન પાર પાડીને તમામ આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ આતંકવાદી હુમલામાં આશરે ૨૦૦થી વધુ વિદ્યાર્થી ઘાયલ થયા હતા. પાકિસ્તાનમાં તાજેતરના સમયમાં સૌથી મોટા હુમલા તરીકે આને ગણવામાં આવે છે.

## એર ઈન્ડિયા દ્વારા વિમાની ભાડામાં ૫૦ ટકા છુટછાટ

નવી દિલ્હી,તા. ૧૨

એર ઈન્ડિયાએ વિમાની ભાડામાં ધરખમ છુટછાટની ઓફર કરી છે. એરઈન્ડિયા હવે સ્થાનિક રૂટ ઉપર ૫૦ ટકા સુધી ભાડામાં ડિસ્કાઉન્ટની ઓફર કરે છે. ટિકિટની કિંમતમાં માત્ર ૧૫૫૭ રૂપિયાથી શરૂ થશે. નેશનલ કેરિયર ભારતમાં મોટાભાગના રુટ માટે સાત દિવસના વેચાણ માટે આ સુવિધા ગોઠવી છે. આ ઓફરનો લાભ લેવા માટે ટિકિટ ૧૨મી જાન્યુઆરીથી ૧૮મી જાન્યુઆરી વચ્ચે બુક કરાવી પડશે. પ્રવાસનો ગાળો ૧૬મી જાન્યુઆરીથી ૩૦મી એપ્રિલ વચ્ચેનો રહેશે. ભાડામાં કાપ હાલમાં જ લોંચ કરવામાં આવેલા તાતાના વિસ્ટરા સાથે સ્પર્ધાના હેતુસર કરવામાં આવ્યો છે. વધુમાં ઓછા યાત્રીઓ ફરે તેવી સિઝન શરૂ થઈ ચુકી છે. અન્ય કંપનીઓ પણ ભાડા સાથેના યુદ્ધમાં જોડાય તેવી શક્યતા દેખાઈ રહી છે. જો કે, આનો સીધો લાભ વારંવાર વિમાની યાત્રા કરતા લોકોને મળે તેવી શક્યતા છે.

## સ્વચ્છ ભારત મિશનમાં કર્ણાટક સૌથી ટોચ પર

બેંગલોર,તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત મિશન લાગુ કરવાના મામલે કર્ણાટક દેશમાં સૌથી આગળ છે. કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર ભાજપ શાષિત રાજ્યો કરતા ખુબ આગળ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫માં સરકારી કાર્યક્રમ હેઠળ ટોઈલેટ નિર્માણ કામમાં કર્ણાટક સૌથી આગળ છે. આ નાણાંકીય વર્ષમાં હજુ સધી દેશમાં કુલ ૨૫.૩૦ લાખ ટોઈલેટ બની ચુક્યા છે. જેમાં ૩.૫૭ લાખ અથવા તો ૧૫ ટકા ટોઈલેટ કર્ણાટકમાં બન્યા છે. કેન્દ્રિય પીવાના પાણી અને સ્વચ્છા મંત્રાલયના આંકડા દર્શાવે છે કે સ્વચ્છ ભારત સ્કીમ હેડળ મોદીના વતન રાજ્ય ગુજરાતમાં માત્ર ૧.૩૪ લાખ ટોઈલેટ બન્યા છે. ગુજરાત અને કર્ણાટકમાં વસ્તી લગભગ એક સમાન છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતની વસ્તી છ કરોડ અને કર્ણાટકની વસ્તી ૬.૧ કરોડ રહી છે. કર્ણાટકના ગ્રામીણ વિકાસ પ્રદાન



એચકે પાટિલ આ પ્રયાસ બદલ મોદીની પ્રશંસા કરતા ખચકાટ અનુભવ કરતા નથી. તેમણે આ વર્ષે રાજ્યમાં ૧૦ લાખ ટોઈલેટ માટે ટાર્ગેટ રાખ્યા છે. એક વાતચીતમાં તેમણે કહ્યુ છે કે અમે દેશમાં પ્રથમ સ્થાને છે.

ગયા વર્ષે અમે છ લાખ ટોઈલેટના ટાર્ગેટ સાથે આગળ વધ્યા હતા અને આમાં ૫૦૫૦૦ ટોઈલેટ બન્યા હતા. આ વર્ષે અમે આઠથી ૧૦ લાખ ટોઈલેટ બનાવવા માટેની યોજના છે.રાજ્ય આગામી વર્ષે ૧૫મી ઓગષ્ટ સુધી ૧૦૦૦૦ ગામોમાં ખુલ્લામાં શૌચતી મુક્તિ માટે ટાર્ગેટ ધરાવે છે. પરંતુ સૌથી મોટો પડકાર ૨૦૧૮ માટે છે. જ્યારે વર્તમાન સરકાર માટે સમય પૂર્ણ થશે. પાટિલ એ ગાળા સુધી રાજ્યના તમામ ગ્રામીણ પરિવારોમાં ટોઈલેટ બનાવવા માટેની યોજના ધરાવે છે. કેન્દ્ર સરકાર સ્વચ્છ ભારત અભિયાન હેઠળ વર્ષ ૨૦૧૯ સુધી દેશના દરેક પરિવાર માટે ટોઈલેટ ઉપલબ્ધ કરાવવાની યોજના ધરાવે છે. પાટિલે કહ્યું હતું કે લોકો આ યોજનાને ખુબ સારો પ્રતિસાદ આપી રહ્યા છે. પંચાયતો પણ ખુબ સક્રિય છે.

## દિલ્હી ચૂંટણી : માકન પ્રચાર કમિટિના વડા તરીકે નિમાયા

નવી દિલ્હી,તા. ૧૨

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી દેવામાં આવી છે. આની સાથે જ તમામ રાજકીય પક્ષો પણ તમામ તૈયારીઓમાં લાગી ગયા છે. કોંગ્રેસ પાર્ટીએ આજે આગામી વિધાનસભાની ચૂંટણી માટે



પ્રચાર સમિતિના વડા તરીકે ભૂતપૂર્વ કેન્દ્રિય પ્રધાન અજય માકનની નિમણૂંક કરી હતી. દિલ્હીમાં ચાવીરુપ વિધાનસભા મતવિસ્તારમાંથી પૂર્વ સાંસદને મેદાનમાં ઉતારવા પણ પાર્ટી વિચારી રહી છે. ચૂંટણી કમિશને ચૂંટણી કાર્યક્રમની જાહેરાતે કરી તે પહેલા જ અજય માકનને મોટી જવાબદારી સોંપવામાં આવી હતી. દિલ્હીમાં ફેબ્રુઆરી ૨૦૧૪ બાદથી રાષ્ટ્રપતિ શાસન છે. ફેબ્રુઆરીમાં તત્કાલિન મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપ્યું હતું. સત્તામાં ૪૯ દિવસ સુધી રહ્યા બાદ કેજરીવાલે રાજીનામુ આપ્યું હતું. દિલ્હીમાં કોઈપણ પાર્ટીને છેલ્લી ચૂંટણીમાં બહુમતિ મળી ન હતી. ભાજપને ૩૧ અને એએપીને ૨૮ બેઠકો મળી હતી. જો કે, કોંગ્રેસના શાસનનો અંત આવ્યો હતો. જો કે, ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે રહી હોવા છતાં ભાજપે સરકાર બનાવવાના પ્રયાસ કર્યા ન હતા. ભારે દુવિધાભરી સ્થિતિમાં અંતે કોંગ્રેસે બહારથી ટેકો આપીને કેજરીવાલની સરકાર બનાવી હતી પરંતુ કેજરીવાલે ૪૯ દિવસ સુધી મુખ્યમંત્રી તરીકે રહ્યા બાદ રાજીનામુ આપ્યું હતું. લોકસભાની ચૂંટણીમાં કેજરીવાલની પાર્ટીનો સંપૂર્ણ સફાયો થયો હતો. તેના કોઈ ઉમેદવાર કોઈપણ રાજ્યમાં જીત્યા ન હતા જેથી એએપીએ માત્ર દિલ્હી સુધી જ પોતાની મર્યાદા જાળવી હતી અને વિધાનસભાની ચૂંટણીમાં કોઈપણ ઉમેદવાર ઉભા રાખ્યા ન હતા. દિલ્હીમાં હવે એએપીએ સંપૂર્ણ તાકાત લગાવી છે.

## સમાચાર ઝલક

- સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ નિમિત્તે ગુજરાતમાં યુવા દિન ઉજવાયો.
- સૌરાષ્ટ્ર-કચ્છમાં ઉનાળા જેવો માહોલ. સુરેન્દ્રનગર-કચ્છમાં હળવા ભૂકંપના આચંકા.
- રાજકોટમાં રેલવેને ૧૫ કરોડનો ટેક્ષ ભરવા મનપાએ નોટીસ ફટકારી.
- વડોદરા જિલ્લાના સમા ગામે નર્મદા કેનાલ ઉપર સોલાર પાવર પ્લાન્ટ સંયુક્ત રાષ્ટ્રસંઘના મહામંત્રી જનરલ બાન કી મૂનના હસ્તે અર્પણ.
- બેંક કામદારોના વેતનના પ્રશ્નનો ટૂંકમાં નિકાલ થશે.
- બોપલની સોસાયટીમાં આઠ વર્ષના માસુમ બાળકનું ટ્રક નીચે આવતાં મોત, વસાહતીઓમાં ભારે આક્રોશ.
- હિન્દુસ્તાનમાં હિન્દુઓની ઘટતી જતી વસ્તી ચિંતાનો વિષય - શ્રી પ્રવિણભાઈ તોગડિયા.
- કોઈ પણ જાતની સહાય વગર વાગટના લખી ગામના સરપંચે સ્વ ખર્ચે શાળાએ જવાનો માર્ગ બનાવ્યો.
- દિલ્હીમાં ગેંગ રેપ બાદ મહિલાની કમકમાટી ભરી હત્યા.
- એન.આર.આઈ.ને ભારતમાં મતાધિકાર આપવામાં આવશે.
- દિલ્હીની મતદાર યાદીમાં એક લાખ મતદારો શંકાસ્પદ હોવાનો ચૂંટણી પંચનો દાવો.
- માલવાહક વાહનમાં મુસાફરી કરનારને વીમાનું રક્ષણ નહિ મળે.
- નાસિકમાં ૪૨ હજાર બાંસુરી વાદકો જમાવટ જમાવશે.
- નાસા વર્ષના અંત સુધીમાં ઉડી શકે તેવી કાર રજુ કરશે.
- સિગારેટ પીનારની સંખ્યામાં ધરખમ ઘટાડો થયો.

### હરિયાળું હરણોદ્યાન (પાના નં. ૪ નું ચાલુ)

તો પછી આ ચાંચને બાંધી કોણે?

અમારે ત્યાં ઢોર ડૉકટર છે એણે. એ સાહેબે જ આને અહીં મુકી આવવાનું અમને સરનામું આપ્યું.

સારું... સારું... તમે સેવાનું એક ખુબ સરસ કામ કર્યું છે. મેં તેમને ધન્યવાદ આપ્યા. ત્યાં ચૈતન્યભાઈ મારી પાછળ આવીને ઊભા રહ્યા હતા. એ ઘાયલ પેલીકનને જોતા હતા. મારું ધ્યાન ગયું એટલે મેં પુછ્યું. ‘પેલા કબુતરનું શું થયું?’

તેને અમે બચાવી લાવ્યા.

કઈ રીતે?

ફાયર બિગ્રેડને બોલાવી તેમની ઊંચી નીસરણીથી એ લોકોએ ઉપર ચડી કબુતરને સાચવીને ઉતારી લીધું. જૂઓ આ રહ્યું પેલા ચૌધરી સાહેબ તેની સારવાર કરે છે. મેં એ તરફ નજર કરી. કબુતરને ઈજા તો ખાસ થઈ ન હતી પણ લાંબો સમય લટકી રહેવાથી તે ખુબ જ ગભરાઈ ગયું હતું. તેમાં પગમાં વીંટળાઈ ગયેલ દોરાની ગુંચને ડૉકટરે કાતરથી કાપીને કાઢી નાખતાં તે આમ તેમ ફરવા લાગ્યું. તેને દાણ અને પાણી આપ્યું. ત્યારે પાણી પીધા પછી એ દયામણી નજરે અમારા સૌ તરફ જોતું હતું એ જોઈને મને વિચાર આવ્યો કે આ પક્ષીઓ આપણાં વિશે શું વિચારતાં હશે.

તે દિવસે સાંજ સુધી અને પછી તો બીજા બે-ત્રણ દિવસ સુધી આ ઉપક્રમ ચાલુ રહ્યો. ઘેર જઈને સાંજે ઊંઘ પણ આવતી નહોતી. ચારે બાજુ ઘાયલ પક્ષીનાં ચિત્કારો તેમના લોહી નીગળતા દેહ અને દયામણી યાચક નજરો મને વિહ્‌વળ બનાવતી હતી. મને થતું હતું કે આવી ઉત્તરાયણ આપણે ન ઉજવીએ તો ન ચાલે. જરા તમે પણ વિચારજો.

(ક્રમશઃ)

## સુનંદા કેસ : શશી થરૂરની કોઈ પણ સમય પુછપરછ

નવી દિલ્હી,તા. ૧૨

દિલ્હી પોલીસ સુનંદા પુષ્કર હત્યા કેસમાં હેવે પૂર્વ કેન્દ્રિય પ્રધાન શશી થરુરની પુછપરછ કરી શકે છે. આ સપ્તાહમા જ તેમની પુછપરછ કરવામાં આવી શકે છે. તેમના પર સકંજો મજબુત બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. થરુર દિલ્હી પહોંચ્યા બાદ હવે તેમની કોઈ પણ સમય પુછપરછ કરવામાં આવી શકે છે. પોલીસ તેમની પુછપરછ કરતા પહેલા તમામ પેન્ડિંગ કામને પૂર્ણ કરવા માંગે છે. પોલીસે હજુ સુધી થરુરને નોટીસ આપી નથી. એક અધિકારીએ કહ્યું હતું કે થરુરની પુછપરછ કરતા પહેલા પોલીસ અન્ય તમામની પુછપરછ કરી લેવા ઈચ્છુક છે. .ચકચારી કેસમાં એફઆઈઆર દાખલ કરવામાં આવ્યા બાદ દિલ્હી પોલીસે મૃતદેહના વિસરા સેમ્પલ લંડનની ફોરેન્સિક લેબમાં મોકલી દીધા છે. આને મોકલવાનો મુખ્ય હેતુ સુનંદાના શરીરમાં મળેલા ઝેરની ચકાસણી કરવાનો છે. પોલીસે હવે ચાવીરુપ સાક્ષીઓની યાદી પણ તૈયાર કરી લીધી છે. પોલીસે સુનંદા કેસમાં આઈપીસીની કલમ ૩૦૨ હેઠળ હત્યાનો કેસ દાખલ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, દિલ્હી પોલીસે હાલમાં ધડાકો કર્યો હતો કે, કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશી થરુરના પત્નિ સુનંદા પુષ્કરે આત્મહત્યા કરી ન હતી પરંતુ તેની હત્યા કરવામાં આવી હતી. પોલીસના આવા ઘટસ્ફોટથી સમગ્ર મામલામાં નવો વળાંક આવી ગયો હતો. સુનંદા પુષ્કર ૧૭મી જાન્યુઆરી ૨૦૧૪ના દિવસે લકઝરી હોટલમાં રહસ્યમય સંજોગોમાં મૃત હાલતમાં મળી આવી હતી. સુનંદાના મામલામાં આઈપીસીની કલમ ૩૦૨ હેઠળ કેસ નોંધીને તપાસ હાથ ધરવામાં આવી ચુકી છે.

### વિચારયાત્રા (પાના નં. ૪ નું ચાલુ)

ઈશ્વરે સૃષ્ટિનું સર્જન કર્યું ત્યારે માણસ આનંદપૂર્વક જીવી શકે એવી તમામ સુવિધાઓ આપી હતી. પ્રકૃતિનાં હર તત્ત્વોમાં જીવન ધબકતું હતું. જીવ સૃષ્ટિ અને વનસ્પતિ સૃષ્ટિએ અજબનો નિખાર આપ્યો હતો. ખળખળ વહેતાં ઝરણાંઓ, નદીઓ, ઉપવનો, આકાશ, પર્વતો, પક્ષીઓ અને પ્રાણીઓથી જીવન ભર્યું ભર્યું હતું, પરંતુ માણસે સુખની વધુ પડતી ખોજમાં પ્રકૃતિ સાથે ચેડાં કર્યા અને કુદરતી તત્ત્વોનો વિનાશ કર્યો. પ્રકૃતિ બદલવાની સાથે માણસનો સ્વભાવ બદલાઈ ગયો. આચાર-વિચારો, સંસ્કારો બદલાઈ ગયા. વિજ્ઞાન અને નવી નવી શોધોએ માણસને સુખસગવડનાં અનેક સાધનો આપ્યાં, પરંતુ મનની શાંતિ છીનવી લીધી. માણસનું જીવન યાંત્રિક બની ગયું. અતૃપ્તિ અને અશાંતિ વધી ગઈ. ઈશ્વરે અર્પણ કરેલી સુંદર ભેટને માનવીએ કેવી વિકૃત કરી નાખી તેનું કોઈ લેખક દાર્શનિક સુંદર નિરૂપણ કર્યું છે...

ઈશ્વરે પૃથ્વી બનાવી, માણસે પૈસા
ઈશ્વરે પ્રકૃતિ બનાવી, માણસે સંસ્કૃતિ
ઈશ્વરે ભૂગોળ બનાવી, માણસે ઈતિહાસ
ઈશ્વરે રણ બનાવ્યું, માણસે સમરાંગણ
ઈશ્વરે પથ્થર બનાવ્યા, માણસે મૂર્તિ
ઈશ્વરે પાણી બનાવ્યું, માણસે શરબત
ઈશ્વરે અવાજ બનાવ્યો, માણસે નામ
ઈશ્વરે માટી બનાવી, માણસે કાચ
ઈશ્વરે ભૂખ બનાવી, માણસે રોટી
ઈશ્વરે સુખ બનાવ્યું, માણસે દુઃખ
ઈશ્વરે માણસ બનાવ્યો, માણસે ઈશ્વર.